# PHILOSOPHY

Name & Signature of the Invigilator

..........................................................

..........................................................

**PAPER – II**

**CODE-22**

OMR Answer Sheet No. : ________

Roll No. : ________

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................

**Question Booklet Sl. No.**

**220074**

**Time : 2 Hours]** **No. of Printed Pages : 32** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example:** (A) ⬬ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ⬬ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

DO NOT WRITE HERE

## PHILOSOPHY

### Paper – II

1. According to Śaṅkara, *Brahman* is
   (A) Saguṇa and nirguṇa equally real in absolute sense
   (B) Nirguṇa as absolute, saguṇa as empirical
   (C) Only saguṇa and eternal
   (D) Neither nirguṇa nor saguṇa

2. Nimbārka's *dvaitādvaita* doctrine is best described as
   (A) Simultaneous identity and difference between Brahman and the world
   (B) Complete dualism between Brahman and the world
   (C) Absolute monism without distinction
   (D) Illusionism denying world's reality

3. For Rāmānuja, the relation between Brahman and the world is
   (A) Vivarta (apparent transformation)
   (B) Satkārya-vāda with vivarta
   (C) Arambha-vāda (new creation)
   (D) Pariṇāma (real transformation)

4. For Rāmānuja, the *cit-acit* are
   (A) Attributes of Brahman
   (B) Separate independent realities
   (C) Illusions in Brahman
   (D) Maya

1. શંકરાચાર્ય અનુસાર બ્રહ્મ છે
   (A) સગુણ અને નિર્ગુણ બંને તત્ત્વતઃ સમાન સત્ય
   (B) નિર્ગુણ પરમાર્થરૂપે સત્ય, સગુણ વ્યાવહારિક રૂપે
   (C) માત્ર સગુણ અને શાશ્વત
   (D) ન તો નિર્ગુણ ન તો સગુણ

2. નિંબાર્કનો દ્વૈતાદ્વૈત સિદ્ધાંત કેવી રીતે વર્ણવાય છે ?
   (A) બ્રહ્મ અને જગત વચ્ચે તાદાત્મ્ય અને ભિન્નતા બંને
   (B) બ્રહ્મ અને જગત વચ્ચે સંપૂર્ણ દ્વૈત
   (C) સંપૂર્ણ અદ્વૈત, કોઈ ભેદ વિના
   (D) જગતની સત્તાને નકારતો માયાવાદ

3. રામાનુજ અનુસાર બ્રહ્મ અને જગતનો સંબંધ શું છે ?
   (A) વિવર્ત
   (B) વિવર્ત સાથેનો સત્વકાર્યવાદ
   (C) આરંભવાદ
   (D) પરિણામવાદ

4. રામાનુજ માટે ચિત અને અચિત શું છે ?
   (A) બ્રહ્મના ગુણો
   (B) અલગ સ્વતંત્ર સત્તાઓ
   (C) બ્રહ્મમાં ભ્રાંતિ
   (D) માયા

5. For Rāmānuja, *jñāna* of Brahman must be
(A) Pure intellectual comprehension
(B) Attained through renunciation alone
(C) Integrated with bhakti as essential means
(D) Based on sensory perception

5. રામાનુજ અનુસાર બ્રહ્મજ્ઞાન_______ છે.
(A) માત્ર બુદ્ધિગમ્ય જ્ઞાન
(B) ફક્ત સંન્યાસથી પ્રાપ્ત
(C) ભક્તિના સાધન સાથે સંકલિત
(D) ઇન્દ્રિયપ્રત્યક્ષ પર આધારિત

6. According to Advaita Vedānta, *adhyāsa* (superimposition) is primarily explained as
(A) Khyāti-vāda
(B) Anyathākhyāti
(C) Anirvacanīyakhyāti
(D) Ātmakhyāti

6. અદ્વૈત વેદાંતમાં અધ્યાસનો મુખ્ય અર્થ કયો છે?
(A) ખ્યાતિવાદ
(B) અન્યથાખ્યાતિ
(C) અનિર્વચનીયખ્યાતિ
(D) આત્મખ્યાતિ

7. Which of the following pairs correctly matches *Nyāya-Vaiśeṣika* categories (*padārthas*) with their definitions ?
(A) Dravya – quality inhering in guṇa
(B) Guṇa – that which exists independently
(C) Sāmānya – universal inhering in many
(D) Abhāva – that which is eternal and material

7. નીચેનાપૈકી કયું જોડાણ ન્યાય-વૈશેષિકના પદાર્થોના સંદર્ભમાં યોગ્ય છે?
(A) દ્રવ્ય- ગુણમાં અવસ્થિત ગુણ
(B) ગુણ-સ્વતંત્ર સત્તા
(C) સામાન્ય-અનેકમાં વ્યાપક સાર્વત્રિક
(D) અભાવ - શાશ્વત અને ભૌતિક તત્વ

8. In Advaita Vedānta, *māyā* is described as
(A) Real and eternal
(B) Illusory but real at empirical level
(C) Non-existent in all levels of reality
(D) Permanent and independent principle

8. અદ્વૈત વેદાંતમાં માયા કેવી રીતે વર્ણવાય છે?
(A) વાસ્તવિક અને શાશ્વત
(B) ભ્રમાત્મક પરંતુ વ્યાવહારિક સ્તરે સત્ય
(C) સત્તત્વના દરેક સ્તરે નાસ્તિત્વ
(D) શાશ્વત અને સ્વતંત્ર તત્વ

9. The Mādhyamika doctrine of *śūnyatā* is best understood as

(A) Denying all existence

(B) Absence of svabhāva in phenomena

(C) Mere subjective idealism

(D) Permanent voidness as an ultimate substance

9. માધ્યમિક શૂન્યવાદ સિદ્ધાંતનો સાચો અર્થ કઈ રીતે સમજી શકાય ?

(A) અસ્તિત્વનો સંપૂર્ણ નિષેધ

(B) પદાર્થોમાં સ્વભાવનો અભાવ

(C) માત્ર વ્યક્તિનિષ્ઠ વિચારવાદ

(D) શાશ્વત શૂન્યતાને પરમ તત્ત્વ માનવું

10. Which of the following correctly states *Akhyāti-vāda* of Prābhākara Mīmāṃsā ?

(A) Error occurs due to superimposition of the non-existent

(B) Error is a self-cognition of illusion

(C) Error occurs due to indefinable nature of object

(D) Error occurs due to non-discrimination between perception and memory

10. પ્રાભાકર મીમાંસાનો અખ્યાતિવાદ નીચેનામાંથી શું કહે છે ?

(A) નાસ્તિત્વને આરોપિત કરવાથી ભ્રમ થાય છે

(B) ભ્રમનું સ્વજ્ઞાન એ ભ્રમ છે

(C) વસ્તુના અનિર્વચનીય હોવાથી ભ્રાંતિ થાય છે

(D) પ્રત્યક્ષ અને સ્મૃતિના અભેદથી ભ્રાંતિ થાય છે

11. In Sāṃkhya metaphysics, *ahaṃkāra* is directly responsible for the evolution of

(A) Five tanmātras and eleven indriyas

(B) Buddhi

(C) Puruṣa

(D) Mahat

11. સાંખ્યની તત્ત્વમીમાંસામાં અહંકારથી સીધું શું ઉત્ક્રાંત થાય છે ?

(A) પાંચ તન્માત્રા અને અગિયાર ઇન્દ્રિયો

(B) બુદ્ધિ

(C) પુરુષ

(D) મહત્તત્વ

12. In Plato's *Theory of Forms*, the highest object of knowledge in the divided line analogy is

(A) Mathematical objects
(B) Sensible particulars
(C) The good
(D) The demiurge

13. In Aristotle's hylomorphic theory, *prime matter* (*hylē*) is

(A) Pure actuality without potentiality
(B) Pure potentiality without actuality
(C) The form of a physical object
(D) Identical with substance

14. Descartes' medieval scholastic influence is most evident in his

(A) Method of doubt
(B) Substance dualism grounded in res cogitans and res extensa
(C) Use of Aristotelian syllogistic logic
(D) Rejection of final causes

15. In Aristotle's *Posterior Analytics*, *epistēmē* (scientific knowledge) is

(A) Knowledge of the cause through which a thing is
(B) Accumulation of empirical observations
(C) Opinion based on plausible reasoning
(D) Memory of past events

12. પ્લેટોનાં રૂપસિદ્ધાંતમાં "રેખાના રૂપક"માં જ્ઞાનનો સર્વોચ્ચ વિષય કયો છે?

(A) ગણિતીય પદાર્થો
(B) ઇન્દ્રિયગ્રાહ્ય વિશેષો
(C) શુભ તત્વ
(D) જગતસ્રષ્ટા

13. એરિસ્ટોટલના દ્રવ્ય અને રૂપના સિદ્ધાંતમાં "પ્રાઈમ મેટર" (હાયલે) શું છે?

(A) સંભાવના વિનાની શુદ્ધ વાસ્તવિકતા
(B) વાસ્તવિકતા વિનાની શુદ્ધ સંભાવના
(C) ભૌતિક પદાર્થનું સ્વરૂપ
(D) સત્તા સાથે તાદાત્મ્ય

14. ડેકાર્ટની મધ્યયુગીય સ્કોલાસ્ટિક પરંપરાથી પ્રભાવિત વિચારધારા શેમાં પ્રતિબિમ્બિત થાય છે?

(A) શંકા-પદ્ધતિ
(B) ચૈતન્યસત્તા અને ભૌતિકસત્તા આધારિત દ્રવ્યોનું દ્વૈત
(C) એરિસ્ટોટલના સંવીધાનાત્મક તર્કશાસ્ત્રનો ઉપયોગ
(D) અંતિમ કારણોનો નિષેધ

15. એરિસ્ટોટલના "પોસ્ટિરીઅર એનાલિટિક્સ" માં વૈજ્ઞાનિક જ્ઞાન (એપિસ્ટેમે) શું છે?

(A) વસ્તુની ઉત્પત્તિના કારણનું જ્ઞાન
(B) આનુભાવિક નિરીક્ષણ આધારિત માહિતી
(C) સંભાવનાના તર્ક આધારિત મત
(D) ભૂતકાળની ઘટનાઓની સ્મૃતિ

16. Aquinas' distinction between *essence* and *existence* holds that

(A) In all beings except God, essence and existence are identical

(B) In God, essence and existence are distinct

(C) In all created beings, essence and existence are distinct

(D) Essence is reducible to matter

17. In Aristotle's metaphysics, *energeia* is contrasted with *dynamis* as

(A) Potentiality vs actuality

(B) Matter vs form

(C) Essence vs existence

(D) Substance vs accident

18. In Locke's theory of ideas, *secondary qualities* are

(A) Identical to primary qualities

(B) Objective features existing independently of perception

(C) Geometrical properties of bodies

(D) Powers in objects to produce sensations in us

19. Berkeley's immaterialism is captured in the principle

(A) *Ex nihilo nihil fit*

(B) *Cogito ergo sum*

(C) *Noumenon est phenomenon*

(D) *Esse est percipi*

16. થોમસ અક્વિનાસ તત્વ અને અસ્તિત્વ વચ્ચે શું ભેદ દર્શાવે છે ?

(A) ઈશ્વર સિવાય તમામ પદાર્થોમાં તત્વ અને અસ્તિત્વ વચ્ચે તાદાત્મ્ય

(B) ઈશ્વરમાં તત્વ અને અસ્તિત્વ ભિન્ન

(C) સૃષ્ટિના તમામ પદાર્થોમાં તત્વ અને અસ્તિત્વ ભિન્ન

(D) તત્વ પદાર્થમાં સીમિત થાય છે

17. એરિસ્ટોટલના તત્વજ્ઞાનમાં "ઊર્જા" (એનર્જિયા) અને "શક્તિ" (ડાયનામિસ) નો ભેદ શું છે ?

(A) સંભાવના વિરુદ્ધ વાસ્તવિકતા

(B) દ્રવ્ય વિરુદ્ધ રૂપ

(C) સત્વ વિરુદ્ધ અસ્તિત્વ

(D) દ્રવ્ય વિરુદ્ધ આકસ્મિક

18. લોકના વિચારોમાં "ગૌણ ગુણો" શું છે ?

(A) પ્રાથમિક ગુણોને સમાન

(B) પ્રત્યક્ષથી સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવતા વસ્તુલક્ષી ગુણો

(C) પદાર્થના ભૌમિતિક ગુણધર્મો

(D) આપણામાં સંવેદનાઓ ઉત્પન્ન કરનાર પદાર્થની શક્તિ

19. બર્કલિના અભૌતિકવાદનો કયો સિદ્ધાંત છે ?

(A) એક્સ નિહિલો નિહિલ ફિટ

(B) કોગિટો એર્ગો સમ

(C) નૌમેનન એસ્ટ ફેનોમેનન

(D) એસે એસ્ટ પર્સિપિ

20. In Hume's epistemology, the idea of necessary connection is derived from

(A) Direct perception of causal power

(B) A priori reasoning from principles of logic

(C) Habit or custom formed by repeated observation of constant conjunction

(D) Divine illumination of the mind

21. Descartes' argument for God's existence in the *Meditations* that proceeds from the idea of a perfect being is an example of

(A) Cosmological argument

(B) Teleological argument

(C) Ontological argument

(D) Moral argument

22. Leibniz's *principle of sufficient reason* asserts that

(A) Nothing exists without there being a reason why it is so and not otherwise

(B) All truths are analytic

(C) All events are determined by mechanical necessity alone

(D) There are brute facts without explanation

20. હ્યુમની જ્ઞાનમીમાંસામાં "અનિવાર્ય સંબંધ" ની સંકલ્પના ક્યાંથી આવે છે ?

(A) કાર્યશક્તિનું સીધું પ્રત્યક્ષ

(B) તર્કશાસ્ત્રના સિદ્ધાંતોમાંથી પ્રાપ્ત અનુભવ-નિરપેક્ષ તર્ક

(C) સતત સંયોગના વારંવારના પ્રત્યક્ષીકરણથી બનેલી આદત અથવા પ્રણાલી

(D) મનની દૈવી પ્રકાશન શક્તિ

21. ડેકાર્ટના મેડીટેશન્સમાં પરિપૂર્ણ સત્તાના વિચાર પરથી ઈશ્વરના અસ્તિત્વની સાબિતી કયા પ્રકારની છે ?

(A) સૃષ્ટિમીમાંસકીય તર્ક

(B) હેતુવાદી તર્ક

(C) સત્તામુલક તર્ક

(D) નૈતિક તર્ક

22. લાઈબ્નિત્ઝનો પર્યાપ્ત કારણનો સિદ્ધાંત કહે છે કે

(A) કોઈ વસ્તુ આમ જ છે અને બીજું નથી, તેમ આપેલા તર્ક સિવાય કશું અસ્તિત્વમાં નથી

(B) બધા સત્યો વિશ્લેષણાત્મક છે

(C) બધા પ્રસંગો યાંત્રિક અનિવાર્યતાથી નક્કી થાય છે

(D) એવા તથ્યો છે જેનો કોઈ ખુલાસો નથી

23. Spinoza's concept of *mode* refers to

(A) An attribute of substance

(B) A particular modification of substance expressing one of its attributes

(C) A finite substance

(D) A logical predicate

24. Kant distinguishes *phenomena* from *noumena* as

(A) Appearances given in experience vs things as they are in themselves

(B) Material vs immaterial realities

(C) Subjective illusions vs objective truths

(D) Necessary truths vs contingent truths

25. In Locke's epistemology, *intuitive knowledge* is

(A) Knowledge gained through the senses

(B) Knowledge that two ideas agree or disagree immediately, without mediation

(C) Probable opinion based on testimony

(D) Scientific demonstration from axioms

23. સ્પિનોઝાના મોડ અંગેના ખ્યાલનો અર્થ શું છે ?

(A) પદાર્થનો એક ગુણધર્મ

(B) દ્રવ્યનું વિશેષ રૂપાંતરણ જે તેના કોઈ એક ગુણ દ્વારા અભિવ્યક્ત થાય છે

(C) સીમિત દ્રવ્ય

(D) તાર્કિક વિધેય

24. કાંટ પ્રતિભાસમાન અને પ્રતિભાસાતીતને કેવી રીતે જુદા પાડે છે ?

(A) અનુભવમાં પ્રાપ્ત પ્રતિભાસ વિરુદ્ધ વસ્તુઓ તેમના સ્વરૂપમાં જેવી છે તેવી

(B) ભૌતિક વિરુદ્ધ અભૌતિક સત્તાઓ

(C) વ્યક્તિલક્ષી ભ્રમ વિરુદ્ધ વસ્તુલક્ષી સત્ય

(D) અનિવાર્ય સત્ય અને શરતી સત્ય

25. લોકની જ્ઞાનમીમાંસામાં અંતઃસ્ફૂર્ણાત્મક જ્ઞાન કયું છે ?

(A) ઇન્દ્રિયો દ્વારા મેળવેલું જ્ઞાન

(B) કોઈ મધ્યસ્થી વગર બે સંકલ્પનાઓ વચ્ચે સહમતિ કે અસહમતિ અંગેનું તાત્કાલિક જ્ઞાન

(C) શબ્દ પ્રમાણ આધારિત સંભવિત મંતવ્ય

(D) સ્વયંસિદ્ધ સત્યો પરથી વૈજ્ઞાનિક અભિવ્યક્તિ

**26.** Kant's *transcendental idealism* holds that

(A) Space and time are mind-independent realities

(B) All reality is reducible to the physical

(C) Only mental phenomena exist

(D) Space and time are forms of human sensibility structuring all experience

**27.** In the Puruṣārtha framework, *mokṣa* is NOT

(A) Liberation through the cessation of desire

(B) Liberation as union with Brahman

(C) Liberation through moral perfection

(D) Liberation as union with material world

**28.** According to Mīmāṃsā ethics, the moral obligatoriness of an action (*dharma*) is

(A) Intrinsically known by conscience

(B) Decided by empirical consequences

(C) Determined by scriptural injunction (*vidhi*)

(D) Arbitrary social convention

**26.** કાંટનો પારગામી વિચારવાદ (Transcendental Idealism) કહે છે કે

(A) સ્થળ અને કાળ મનથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે

(B) સમગ્ર સત્તાને ભૌતિકતામાં પરિવર્તિત કરી શકાય છે

(C) ફક્ત માનસિક ઘટનાઓ જ અસ્તિત્વ ધરાવે છે

(D) સ્થળ અને કાળ એ માનવ સંવેદનના સ્વરૂપો છે, જે સમગ્ર અનુભવનું બંધારણ ઘડે છે

**27.** પુરુષાર્થ વ્યવસ્થામાં મોક્ષ એ ______ નથી.

(A) તૃષ્ણાના નિવારણ દ્વારા મુક્તિ

(B) બ્રહ્મ સાથેના તાદાત્મ્યરૂપ મુક્તિ

(C) નૈતિક પૂર્ણતા દ્વારા મુક્તિ

(D) ભૌતિક જગત સાથેના તાદાત્મ્યરૂપ મુક્તિ

**28.** મીમાંસાના નીતિશાસ્ત્ર અનુસાર ધર્મ (કર્તવ્ય)ની નૈતિક ફરજ

(A) ચેતના દ્વારા સ્વયં જાણી શકાય છે

(B) અનુભૂતિજન્ય પરિણામોથી નક્કી થાય છે

(C) શાસ્ત્રીય વિધિ-નિર્દેશ(વિધિ)થી નક્કી થાય છે

(D) મનસ્વી સામાજિક પ્રથા છે

29. The principle of *aparigraha* in Jain ethics entails

(A) Complete abstention from violence

(B) Devotion to God

(C) Limitation of possessions to reduce bondage

(D) Avoidance of intoxicants

30. The *pañca-mahā-vrata* in Jainism are binding primarily on

(A) Lay followers (*śrāvakas*)

(B) Monks and nuns (*munis and āryikās*)

(C) Kings and warriors

(D) Teachers

31. The Yogasūtra's *yamas* include all of the following except

(A) Ahimsā

(B) Satya

(C) Tapas

(D) Aparigraha

32. In Jain *anekāntavāda,* ethical tolerance is derived from

(A) The impossibility of knowing the whole truth from one perspective

(B) Absolute relativism

(C) The absence of objective moral values

(D) Avoidance of intellectual debate

29. જૈન નૈતિકતામાં અપરિગ્રહ સિદ્ધાંતનો અર્થ શું છે?

(A) હિંસાનો સંપૂર્ણ ત્યાગ

(B) ઈશ્વર પ્રત્યે ભક્તિ

(C) બંધન ઘટાડવા માટે માલિકી ઘટાડવી

(D) નશાયુક્ત પદાર્થોનો પરિહાર

30. જૈન ધર્મના પંચ મહાવ્રત મુખ્યત્વે કોને અનુસરીને છે?

(A) શ્રાવકો (ગૃહસ્થ અનુયાયીઓ)

(B) મુનીઓ અને આર્યિકા

(C) રાજા અને યોદ્ધાઓ

(D) શિક્ષકો

31. યોગસૂત્રના યમમાં નીચેમાંથી શું સામેલ નથી?

(A) અહિંસા

(B) સત્ય

(C) તપ

(D) અપરિગ્રહ

32. જૈન અનેકાંતવાદમાં નૈતિક સહિષ્ણુતાનું મૂળ શું છે?

(A) એક દૃષ્ટિકોણથી પૂર્ણ સત્યને જાણી શકવાની અશક્યતા

(B) સંપૂર્ણ સાપેક્ષવાદ

(C) નિષ્પક્ષ નૈતિક મૂલ્યોનો અભાવ

(D) વાદ-વિવાદ ટાળવાની વૃત્તિ

33. Super-naturalism in ethics generally holds that

(A) Moral properties are reducible to natural properties like pleasure or desire

(B) Moral obligations are ultimately grounded in divine will or nature

(C) Moral truths are constructed by social agreements

(D) Morality is a product of evolutionary biology

34. Which statement aligns with ethical realism ?

(A) Moral facts are mind-independent and exist in the fabric of reality.

(B) Moral values are created through human consensus.

(C) Moral discourse is purely emotive and non-cognitive.

(D) Moral truths are unknowable in principle.

35. Kant's formula of humanity states that

(A) One should always act so as to maximize human happiness

(B) Humanity must be treated always as an end and never merely as a means

(C) Moral rules must be grounded in cultural practices

(D) Moral law is derived from divine revelation

33. નૈતિકતામાં અલૌકિકતાવાદ (supernaturalism) સામાન્ય રીતે શું માને છે?

(A) નૈતિક ગુણધર્મોને સુખ કે ઇચ્છા જેવા કુદરતી ગુણોમાં સમાવી શકાય છે

(B) નૈતિક કર્તવ્યો અંતે દિવ્ય ઇચ્છા અથવા પ્રકૃતિ આધારિત છે

(C) નૈતિક સત્યો સામાજિક કરારથી બને છે

(D) નૈતિકતા જીવવિજ્ઞાનના ઉત્ક્રાંતિવાદની ઉપજ છે

34. નીચેનામાંથી કયું વિધાન નૈતિક વાસ્તવવાદ (Ethical Realism) સાથે સુસંગત છે ?

(A) નૈતિક તથ્યો મનથી સ્વતંત્ર છે અને વાસ્તવિકતામાં જ અસ્તિત્વ ધરાવે છે

(B) નૈતિક મૂલ્યો માનવીય સહમતિથી બનાવાય છે

(C) નૈતિક ચર્ચા ફક્ત ભાવપ્રેરિત અને અસંજ્ઞાનાત્મક છે

(D) નૈતિક સત્ય સિદ્ધાંતરૂપે અજ્ઞેય છે

35. કાંટનું માનવતાનું સૂત્ર કહે છે કે

(A) હંમેશા એવી રીતે કાર્ય કરવું જોઈએ કે જેનાથી માનવીય સુખ વધે

(B) માનવતાને હંમેશા સાધ્ય ગણવું જોઈએ, માત્ર સાધન તરીકે નહીં

(C) નૈતિક નિયમો સાંસ્કૃતિક પ્રથાઓને આધીન હોવા જોઈએ

(D) નૈતિક નિયમો દિવ્ય પ્રગટીકરણ પરથી આવે છે

36. The retributive theory of punishment primarily aims to

(A) Deter future crimes through fear of consequences

(B) Reform the offender into a law-abiding citizen

(C) Inflict suffering proportionate to the moral desert of the offender

(D) Protect society by incapacitating dangerous individuals

37. Which of the following is a utilitarian justification of punishment ?

(A) Wrongdoing deserves proportionate suffering

(B) Punishment should rehabilitate the criminal for their own good

(C) Punishment is a moral end in itself

(D) Punishment should reduce overall suffering by deterring crime

38. Kant's universal law formulation of the categorical imperative requires that

(A) Actions be chosen only if their maxim can be willed as a universal law

(B) The outcome of actions maximizes overall welfare

(C) Personal happiness is prioritized in moral reasoning

(D) Moral norms align with the majority view

36. પ્રતિકારવાદી (Retributive) સજાના સિદ્ધાંતનો મુખ્ય હેતુ શું છે?

(A) પરિણામોના ભય દ્વારા ગુનાઓને રોકવા

(B) અપરાધીને સુધારી કાયદાનું પાલન કરનાર બનાવવો

(C) અપરાધીના દોષાનુસાર યોગ્ય દંડ આપવો

(D) ખતરનાક વ્યક્તિને અક્ષમ કરી સમાજને સુરક્ષિત કરવો

37. નીચેમાંથી સજાનો ઉપયોગવાદી (Utilitarian) આધાર કયો છે?

(A) ગુનાહિતને દોષાનુસાર સજા આપવી

(B) અપરાધીને તેમના હિત માટે સુધારવો

(C) સજા પોતે જ નૈતિક સાધ્ય છે

(D) સજા દ્વારા ગુના ઘટાડીને એકંદરે દુઃખ ઓછું કરવું

38. કાંટનો નીરૂપાધિક આદેશના બંધારણમાં સાર્વત્રિકતાનું સૂત્ર કહે છે કે:

(A) એવી ક્રિયાઓ જ પસંદ કરવી કે જેના સિદ્ધાંતને સર્વવ્યાપક કાયદા રૂપે ઇચ્છી શકાય

(B) ક્રિયાનું પરિણામ સર્વસામાન્ય કલ્યાણ વધારતું હોવું જોઈએ

(C) નૈતિક તર્કમાં વ્યક્તિગત સુખને પ્રાથમિકતા આપવી જોઈએ

(D) નૈતિક નિયમો બહુમતીના અભિપ્રાય સાથે સુસંગત હોવા જોઈએ

39. A key problem for ethical subjectivism is

(A) It is compatible with moral realism

(B) It assumes moral truths are absolute

(C) It rejects personal moral beliefs

(D) It cannot explain moral disagreement without contradiction

40. One key motivation for non-cognitivist theories such as emotivism is

(A) The belief that moral statements lack empirical verification

(B) The assumption that moral truths are divine commands

(C) The view that all moral claims are analytic

(D) The conviction that moral facts are natural facts

41. In Aristotelian ethics, the concept of *eudaimonia* differs from the modern notion of happiness primarily because

(A) It refers to fleeting pleasures

(B) It emphasizes subjective emotional states

(C) It denotes an objective state of flourishing through virtue

(D) It is unrelated to moral virtue

39. નૈતિક વ્યક્તિવાદ (Ethical subjectivism) માટેનો મુખ્ય પ્રશ્ન શું છે ?

(A) તે નૈતિક વાસ્તવવાદ સાથે સુસંગત છે

(B) તે નૈતિક સત્યોને અંતિમ માને છે

(C) તે વ્યક્તિગત નૈતિક માન્યતાઓને નકારે છે

(D) તે નૈતિક મતભેદને વિસંગતિ વિના સમજાવી શકતું નથી

40. અસંજ્ઞાનાત્મક સિદ્ધાંતો (જેમ કે ભાવવાદ-Emotivism) પાછળનું મુખ્ય પ્રેરક કારણ શું છે ?

(A) નૈતિક નિર્ણયોનો આનુભાવિક પુરાવો નથી તેમ માનવું

(B) નૈતિક સત્યો દિવ્ય આજ્ઞા છે એમ માનવું

(C) બધા નૈતિક દાવાઓ વિશ્લેષણાત્મક છે એમ માનવું

(D) નૈતિક તથ્યો કુદરતી તથ્યો છે એવી માન્યતા

41. એરિસ્ટોટલની નીતીમીમાંસામાં યુડેમોનિયાનો વિચાર આધુનિક હેપીનેસ(સુખ)ની સંકલ્પના કરતા અલગ છે, કારણ કે:

(A) તે ક્ષણિક આનંદને અભિપ્રેત કરે છે

(B) તે વ્યક્તિગત ભાવનાત્મક અવસ્થાને પ્રાધાન્ય આપે છે

(C) તે સદગુણ દ્વારા વિકસતી વસ્તુલક્ષીતાને અભિપ્રેત કરે છે

(D) તે નૈતિક ગુણોથી અસંબંધિત છે

42. Which of the following philosophers explicitly rejects eudaimonism by grounding morality in a purely rational, categorical imperative ?

(A) Aristotle

(B) Immanuel Kant

(C) Epicurus

(D) Thomas Aquinas

43. Jeremy Bentham's principle of utility, as a teleological theory, evaluates actions based on

(A) Their conformity to universal moral laws

(B) The agent's intention

(C) The greatest happiness for the greatest number

(D) The inherent virtue of the act

44. Which of the following is a central critique of act utilitarianism from a deontological perspective ?

(A) It ignores the consequences of actions

(B) It collapses into egoism

(C) It can justify morally wrong acts if they maximize utility

(D) It is based on divine revelation

42. નીચેના કયા દાર્શનિકે નૈતિકતાને માત્ર બુદ્ધિ આધારિત નીરુપાધિક આદેશ પર આધારિત રાખીને યુડેમોનિઝમનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો ?

(A) એરિસ્ટોટલ

(B) ઇમેન્યુઅલ કાંટ

(C) એપિક્યુરસ

(D) થોમસ અક્વિનાસ

43. જેરેમી બેન્થામના ઉપીયોગીતાવાદી સિદ્ધાંત (Principle of Utility) અનુસાર, હેતુલક્ષી સિદ્ધાંત મુજબ, વર્તનનું મૂલ્યાંકન કઈ રીતે થાય છે ?

(A) સાર્વત્રિક નૈતિક નિયમો સાથેની સુસંવાદિતા દ્વારા

(B) કર્તાના આશયો દ્વારા

(C) વધુમાં વધુ લોકોના વધુમાં વધુ સુખના આધારે

(D) વર્તનના સ્વાભાવિક સદગુણ પરથી

44. કર્મપ્રધાન ઉપયોગવાદ (Act Utilitarianism) પર કર્તવ્યપ્રધાન નૈતિકતાના (Deontological) દૃષ્ટિકોણથી મુખ્ય આક્ષેપ કયો છે ?

(A) તે કર્મના પરિણામોને અવગણે છે

(B) તે અહંવાદમાં પરિણમે છે

(C) તે ઉપયોગિતામાં વધારો થાય તો નૈતિક રીતે ખોટા કર્મોને પણ યોગ્ય ઠરાવી શકે છે

(D) તે દિવ્ય પ્રગટીકરણ પર આધારિત છે

45. In Rawls' *Theory of Justice, the difference principle* allows inequalities only if

(A) They maximize total social wealth

(B) They benefit the least advantaged members of society

(C) They are the result of free market exchanges

(D) They promote national security

46. Which moral philosopher most directly advanced the concept of "justice as fairness" ?

(A) Aristotle

(B) John Stuart Mill

(C) Robert Nozick

(D) John Rawls

47. The *categorical imperative's* "Formula of Humanity" states

(A) Always treat humanity, whether in yourself or others, as an end and never merely as a means

(B) Maximize the greatest happiness for the greatest number

(C) Follow the laws of nature

(D) Seek the mean between extremes

45. રોલ્સના ન્યાયના સિદ્ધાંત(Theory of Justice) માં ભિન્નતા સિદ્ધાંત(Difference Principle) અસમાનતાઓને ક્યારે મંજૂરી આપે છે ?

(A) જ્યારે તે કુલ સામાજિક સંપત્તિ વધારે છે

(B) જ્યારે તે સમાજના સર્વાધિક વંચિત વર્ગને લાભ આપે છે

(C) જ્યારે તે મુક્ત બજાર વિનિમયનું પરિણામ હોય છે

(D) જ્યારે તે રાષ્ટ્રીય સુરક્ષાને પ્રોત્સાહન આપે છે

46. "સમતોલપણા તરીકે ન્યાય"(Justice as Fairness)ની સંકલ્પના સીધી રીતે કયા દાર્શનિકે રજૂ કરી ?

(A) એરિસ્ટોટલ

(B) જોન સ્ટ્યુઅર્ટ મિલ

(C) રોબર્ટ નોઝિક

(D) જોન રોલ્સ

47. નિરુપાધિક આદેશનું "માનવતાનું સૂત્ર" શું કહે છે ?

(A) હંમેશા માનવતાને સાધ્યરૂપે માનો, ક્યારેય માત્ર સાધન રૂપે નહીં

(B) વધુમાં વધુ લોકોના વધુમાં વધુ સુખને વધારવું

(C) કુદરતના કાયદાનું પાલન કરવું

(D) અતિઓ વચ્ચેનો મધ્યમ માર્ગ શોધવો

48. Nietzsche's critique of traditional morality as "slave morality" primarily targets

(A) Aristotelian eudaimonia

(B) Judeo-Christian ethics of humility and pity

(C) Utilitarianism's emphasis on pleasure

(D) Kant's categorical imperative

49. Which of the following best reflects Vivekananda's synthesis of Advaita Vedānta and Karma Yoga ?

(A) Liberation is achieved solely through knowledge of Brahman, rendering social service secondary

(B) Realization of the self must manifest as selfless service to humanity

(C) Social service is a preparatory stage before renunciation and meditation

